અપીલ અરજી નં.૨૪૫ તા.૯–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૦૪–૧૦–૧૦ ની અરજી થી સુ.મ.પા.ના વોર્ડ –૪એ ના મુખ્ય આરોગ્ય નિરિક્ષકને તા.૯–૭–૧૦ ના રોજ ઘ.નં.૪/૩૬૦વાળી મિલકતની અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે ૪/૩૬૦ વાળી મિલકતના માલીક **BPMC** એકટની કલમોનો ભંગ કરતા હોય આ અરજીના અનુસંધાનમાં વોર્ડ –૪એ ના મુખ્ય આરોગ્ય નિરીક્ષક તેમજ આરોગ્ય કર્મચારીએ ૪/૩૬૦ વાળી મિલકતમાં શું શું તપાસ કરી અને શું રીપોટ બનાવ્યો તેની સહી સીકકાવાળી નકલ ફાળવવી તેમજ સુ.મ.પા.ના કમિશ્નરશ્રીએ તા.૧૨–૫–૦૭ ના રોજ દૈનિક પેપર સંદેશમાં નઃપી.આર.ઓ.૭૬/૨૦૦૭–૦૮ થી જાહેર નોટીસ આપવામાં આવેલ તે મુજબ ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતના માલીક **BPMC** એકટ કલમોનો ભંગ કરતા હોય તે બાબતે કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.પા.ના કમિશ્નરની આવે છે તો ૪/૩૬૦ વાળી મિલકતના માલીક પર કાર્યવાહી કરવામાં આવેલ છે કેમ અને કાર્યવાહી ન કરવામાં આવી તો કયા કારણસર માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૫/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની આઈ ડી નં.૭૨૪ તા.૦૪–૧૦–૧૦ ની અરજી થી માંગેલ માહિતી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૬ તા.૧૮–૧૧–૧૦ થી ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે મુળ અરજીની નકલ, તબદીલ પત્રો તથા સેન્ટ્રલઝોન ખાતેથી અપીલ તબદીલ સમયે જાહેર માહિતી અધિકારીએ તા.૪–૧૧–૧૦ ના રોજ આપેલ પ્રત્યુત્તરની નકલ મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૭૨૪ તા.૪–૧૦–૧૦ ની ઉકત નિર્દિષ્ટ વિષય બાબત હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ.જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૪૫ તા.૫–૧૦–૧૦ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. તેઓ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૧૨૬ તા.૧૧–૧૦–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/આરટીઆઈ/આ.નં.૧૫૧૫ તા.૨૬–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. તબદીલીની આ વિગતો અને જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર જોતાં તબદીલી નિવારી શકાય તેવી જણાય છે. જેના અનુસંધાને એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/અ.નં.૧૧૧૩ તા.૪–૧૧–૧૦ થી "તા.૯–૭–૧૦ ની અરજી બાબતે અગાઉ કાર્યવાહી કરી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને પત્ર નં.સે.ઝોન/આરોગ્ય/સેની./ આ.નં.૨૩૭ તા.૧૧–૯–૦૯ થી જાણ કરવામાં આવેલ છે. જેથી તા.૯–૭–૧૦ ની અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી." તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૯–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. ત્યાર બાદ અપીલ તબકકે તા.૨૩–૧૧–૧૦ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી જે માહિતી આપેલ છે તે તદ્દન ખોટી અને ગેરમાર્ગે દોરનારની માહિતી આપેલ છે. તેવું જણાવી નારાજ થઈ તા.૨૩–૧૧–૧૦ ના રોજ પુનઃ અપીલ કરેલ છે. જેમાં અરજદારે તા.૯–૭–૧૦ ના રોજ કરેલ અરજીના અનુસંધાનમાં અપીલના મુદ્દા નં.૨ શું તપાસ કરવામાં આવી તેની નકલ ફાળવવામાં આવેલ નથી. અને શું કાર્યવાહી કરવામાં આવી તેની કોઈ જાણકારી આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. અપીલના મુદ્દા નં.૩ માં બીપીએમસી એકટની કલમનો ભંગ થતો હોય તે અંગે શું કાર્યવાહી કરવામાં આવી.તેની માહિતી મળેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પોલ્યુશન કંટ્રોલ બોર્ડને સે.ઝોન/આરોગ્ય./ સેની. /આ.નં.૨૩૭ તા.૧૧–૯–૦૯ થી જાણ કરવામાં આવેલ છે. તેથી આ અરજી અંગે કઈ કાર્યવાહી

કરવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૪ અરજદારે આપેલ માહિતીમાં ગુજરાત પોલ્યુશન બોર્ડ સુરત વિભાગના અભિપ્રાય મુજબ પગલા લેવામાં આવશે જે ખોટી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે ગુજરાત પોલ્યુશન સુરત વિભાગના પ્રાદેશિક અધિકારીના ઓએ સુરત/ટીર૪૩/૫૭૨ તા.૧૮–૬–૧૦ ના પત્રમાં કાર્યવાહી કરવાની જવાબદારી સુરત મહાનગર પાલિકામાં આવે છે તેવો પત્ર રવાના કરેલ છે તેવું જણાવેલ છે. જે તા.૧૭–૨–૧૦ અરજીના સંદર્ભે ગુજરાત પોલ્યુશન બોર્ડે પાઠવેલ પ્રત્યુત્તર છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પોલ્યુશન કંટ્રોલ બોર્ડને સે.ઝોન/આરોગ્ય./સેની./આ.નં.૨૩૭ તા.૧૧–૯–૦૯ થી જાણ કરવામાં આવેલ છે. તેથી આ અરજી અંગે કઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૫ માં મે જે માહિતી માંગેલ છે જે સુમપા પાસે માંગેલ નહીં કે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પાસે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં. ૧૧૧૩ તા.૪–૧૧–૧૦ થી સુમનપાએ જવાબ પાઠવેલ છે. અપીલના મુદ્દા નં.૬ સુમપાના કમિ.શ્રીએ નં.પીઆરઓ/૭૬/૦૭–૦૮ તા.૧૧–૫–૦૭ થી જે જાહેર નોટીસ આપેલ તે મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની આવે છે નહીં કે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, સુરતની આવે શા માટે સ્થળ તપાસ અધિકારીએ કાર્યવાહી ન કરી. તેવી રજૂઆત કરેલ છે. અરજદાર આરટીઆઈ એકટ હેઠળની અરજી સાથે તેમની તા.૯–૭–૧૦ ની અરજીની નકલ રજૂ કરેલ છે જેમાં રહેઠાણવાળા વિસ્તારમાં કારખાના ચાલુ કરવાનો તેનાથી અવાજ અને વાયુ પ્રદુષણ આરોગ્યને હાનિ વિગેરે રજૂઆત કરી બીપીએમસી એકટની કલમ હેઠળ પગલા લેવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જો બીપીએમસી એકટનો ભંગ થતો હોય અને જો તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોય અને જો કરેલ હોય તો તે અંગે દફતરી ઉપલબ્ધ હકીકત લક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ અપીલના મુદ્દા નં.૧ અને ૪ માં જણાવેલ વિગતે આરોગ્ય નિરીક્ષકે સ્થળ તપાસ કરી રીપોર્ટ તૈયાર કરેલ હોય તો તેની નકલ અને બીપીએમસી એકટનો ભંગ બાબતે જો કોઈ સ્થળ તપાસ પશ્ચાત કોઈ નિષ્કર્ષ પર આવેલ હોય અને કાર્યવાહી કરવા જોગ નિર્ણય હોય તો તે અંગે થયેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જો કોઈ તપાસ થયેલ ન હોય તો તે અંગે હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,